R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 18 • PAGES : 24 • MUMBAI • DATE : 20TH JULY 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# કદઓ નારી શક્તિ : ચંદ્રયાન-૩ની સફળતાના સહભાગી ગીતિકાબેન જયેશ વિકમશી



'SINK or SWIM' એટલે કે 'ડુબો અથવા તરો' અને 'સાહસ એક હથિયાર છે જેનાથી ભય પણ ભયભીત થાય છે' એ સુત્રો આપનાર, આપણી જ્ઞાતિને ગૌરવ અપાવનાર, ભારતને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર થવાના પ્રયાસોમાં એક મોટા ભાગીદાર થનાર, વિકમશી ફેબ્રીક્સ પ્રા. લિમિટેડ કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર શ્રીમતી ગીતિકાબેન જયેશ દામજી વિકમશીનો આપણે પરિચય મેળવીએ.

ગીતિકાબેનનો ઉછેર અને શિક્ષણ મહારાષ્ટ્રના અહમદનગરમાં થયું. એમણે માનસશાસ્ત્ર (સાઈકોલોજી)માં ડીગ્રી મેળવી છે. માતાપિતાનું નામ માધુરી કિશોર દામજી ડાઘા અને ગામ વરાડીયા. ૨૦ વર્ષની ઉંમરે જયેશભાઈ સાથે લગ્ન થયા. જયેશભાઈને પોતાની મેન્યુફેક્ચરીંગ (ઉત્પાદન) કંપની સ્થાપવી હતી. તેથી મકાન બનાવવાની સામગ્રીના ધંધામાંથી પોતાના ગામ ખામગાંવમાં ૧૯૮૭માં રબર કોટીંગનું ઉત્પાદન કરવાનું કારખાનું નાંખ્યું અને રબર કોટીંગ અને કેનવાસની તાલપત્રી બનાવવાનું શરૂ કર્યું.

**પ્ર.સ. :** તમારૂં આ ફેક્ટરીમાં જોડાવવાનું કારણ શું?

**ગીતિકાબેન :** લગ્ન પછીના ૯ વર્ષ સુધી મેં ઘર સંસાર જ સંભાળ્યો. ૧ બાબો અને ૧ બેબી થયા. આ ઉપરાંત સંયુક્ત કુટુંબ હતું જેથી જવાબદારીઓ હતી પણ મારા પતિની ખૂબજ ઈચ્છા હતી કે હું પણ તેમને ફેક્ટરી સંભાળવામાં સાથ આપું. પરંતુ એક દિવસ હૃદયરોગનો હુમલો થતા તેઓ અરિહંતશરણ પામ્યા. આ પછીના ૨૦ દિવસો મારા માટે ખૂબજ મથામણના અને કપરા હતાં. છેવટે મારા પતિનું સપનું પુરૂં કરવાનું નક્કી કર્યું. અને બે બાળકોનો ઉછેર કરવાનો હતો તેથી કુટુંબની ફેક્ટરીમાં ઝંપલાવાનું નક્કી કર્યું.

**પ્ર.સ.:** ફેક્ટરીમાં ક્યાંથી શરૂઆત કરી?

**ગીતિકાબેન :** મને ફેક્ટરીની બાબતમાં કંઈજ ગતાગમ નહીં હતી. તેથી શરૂઆત એકાઉન્ટ્સ ટેલીના કોમ્પ્યુટર ક્લાસ ભરવાથી કરી. સેમીનારોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. ધ્યેય એક જ હતું કે આગળ વધવું છે. કંપનીના કામ બાબતે સી.એ. અને વકીલોની મુલાકાત લેતી. વાંચવાનું અને દરેક વખતે નવું શીખવાનું સતત ચાલુ રાખ્યું.

**પ્ર.સ.:** હવે તમે કંપનીમાં શું જવાબદારી સંભાળો છો?

**ગીતિકાબેન :** હું કંપનીની મેનેજીંગ ડાયરેક્ટર છું. અને ફાઈનાન્સ, ટેક્સ, વહીવટી બાબતો અને માનવ સંશોધન એટલે કે હ્યુમન રીસોર્સીસનું સંચાલન કરૂં છું.

**પ્ર.સ.:** આપના સુપુત્ર અને સુપુત્રી હાલ શું કરે છે?

**ગીતિકાબેન :** દિકરો સ્વર બિઝનેસમાં સાથે જ છે અને દિકરી ધ્વની પરણીને બેંગ્લોર સ્થાયી થઈ છે.

**પ્ર.સ.:** કંપનીનું કામકાજ કેવી રીતે આગળ વધાર્યું?

**ગીતિકાબેન :** તાલપત્રી બનાવવામાં સ્પર્ધા વધી અને આ દરમ્યાન કલકત્તાની ડકબેક કંપનીએ અમારા કામ અને માલની ગુણવત્તા જોઈને એમના ઉત્પાદનો બનાવવાનું કામ સોંપ્યું જે અમે બે વર્ષ કર્યું. આ પછી અમે કંપનીના નામ હેઠળ હોસ્પિટલમાં વપરાતી રબરની ચટાઈ, શિશુમેટ અને શિશુ સુવિધા નામની એકદમ નાના બાળકો માટે રબરની સુગંધી ચટાઈ (sheet) બનાવી સફળતા મેળવી.

**પ્ર.સ.:** તમે બીજી કઈ વસ્તુઓનું ઉત્પાદન કરો છો?

**ગીતિકાબેન :** અમે દરદીઓ માટે પાણી ભરેલા ગાદલા, બરફની થેલી, ગરમ પાણીની થેલી, રબરના કોટીંગ એટલે કે રબરના પડથી વીંટળાયેલી ફેબ્રીક, તાલપત્રી, હવાના તકીયા જેવી ઘણી વસ્તુઓનું ઉત્પાદન કરીએ છીએ.

**પ્ર.સ.:** તમારો વૈજ્ઞાનિક સંસ્થા ઈસરા સાથે સંપર્ક કેવી રીતે થયો.

**ગીતિકાબેન :** વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરે અમને ઉપગ્રહોમાં વપરાતા થર્મલ સ્ક્રીન બનાવવા માટે કહ્યું. જે તેઓ અમેરિકાની વૈજ્ઞાનિક સંસ્થા નાસા પાસેથી મંગાવતા, જે ખૂબજ મોંઘુ હતું અને નાસા ખૂબજ આકરી શરતો રાખતું. અમને આ બાબત કોઈ જ માહિતી નહીં હતી. પણ ૬ વર્ષના સંઘર્ષ મહેનત અને લગનથી અમે એ થર્મલ સ્ક્રીન તૈયાર કર્યું. જે હવે GSLV-D-5 વગેરે ઉપગ્રહોમાં વપરાય છે.

ચંદ્રયાન-૧, ૨ અને ૩માં પણ અમારા બનાવેલ ઉત્પાદન વપરાયા છે. અને એને માટે અમે ગર્વ અનુભવીએ છીએ. દરેક વખતે નવી ટેક્નોલોજી અનુસાર થર્મલ સ્ક્રીનમાં




ફેરફાર કરવા પડે છે.

**પ્ર.સ.:** તમારા ઉત્પાદનો બીજી કઈ સંસ્થાઓ વાપરે છે?

**ગીતિકાબેન :** અમારા ઉપકરણો ભારતના સંરક્ષણમાં એટલે ફોજ વિમાનદી અને નૌસેનામાં વપરાય છે.

**પ્ર.સ.:** હાલના કોઈ ઉત્પાદન વિશે જણાવો.

**ગીતિકાબેન :** તાજેતરમાં અમે બંદરોમાં જ્યારે તેલના બેરલમાં તેલ ભરાય ત્યારે ઢોળાય છે. તેનો વેડફાટ અટકાવવા કોલેપ્સેબલ બ્રિજ બનાવીએ છીએ. તેલ આના ઉપર ઢોળાતા જમા કરવામાં આવે છે અને પાછું ભરવામાં આવે છે. આથી ઘણો જ વેડફાટ બચી જાય છે.

**પ્ર.સ.:** તમારી કંપની વિશે વિશેષ માહિતી આપશો?

**ગીતિકાબેન :** અમારી કંપનીમાં અમારા ગામ ખામગામ અને એની આજુબાજુ ૫૦ કિલોમીટરના અંતરે રહેતા સ્થાનિક લોકો કામ કરે છે જેથી સ્થાનિકોને રોજગાર મળી રહે છે. સ્થાનિક લોકો વફાદાર હોય છે. અમારી પાસે કોઈપણ વૈજ્ઞાનિક નથી. મારો પુત્ર સ્વર સંશોધન વિભાગ પણ સંભાળે છે. અમારા ઉત્પાદન વિશે અમે જ સંશોધન કરીએ છીએ અને જરૂર પડે તો જ નિષ્ણાંતોની સલાહ લઈએ છીએ.

**પ્ર.સ.:** દેશની વૈજ્ઞાનિક સંસ્થા અને સંરક્ષણ વિભાગ સાથે કામ કરતા શું અનુભવો છો?

**ગીતિકાબેન :** આ અમારા માટે ખૂબજ ગર્વની વાત છે. આ ઉપરાંત દેશને આત્મનિર્ભર બનાવવામાં અમે સહભાગી થયા એનો આનંદ જ અનેરો છે.

**પ્ર.સ.:** આપને કે આપની કંપનીને કયા કયા ઍવોર્ડ મળ્યા છે?

**ગીતિકાબેન :** ૨૦૦૯માં બેસ્ટ ઈન્ટસ્ટ્રીઝ ઈન બુલઢાણા ડીસ્ટ્રીક્ટ, ૨૦૧૯માં ઈસરો દ્વારા પ્રોત્સાહક ઍવોર્ડ, ૨૦૨૧માં વિદર્ભનું શ્રેષ્ઠ એસએસઆઈ યુનિટ, ૨૦૨૨માં એઆઈએએફ દ્વારા એચ્યુવમેન્ટ ઍવોર્ડ, ઉદ્યોગરત્ન કચ્છ શક્તિ ઍવોર્ડ, કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા દ્વારા પ્રોત્સાહક ઍવોર્ડ જેવા અનેક સન્માનો પ્રાપ્ત થયા છે.

**પ્ર.સ.:** કદઓ જ્ઞાતિ વિશે તમારા વિચારો?

**ગીતિકાબેન :** જ્ઞાતિએ મને દર વખતે સબળ ટેકો આપ્યો છે અને પ્રોત્સાહિત જ કરી છે.

**પ્ર.સ.:** કદઓ યુવતીઓ અને બહેનો માટે શું સંદેશો આપશો?

**ગીતિકાબેન :** જીંદગીમાં જે ચીજ પામવી હોય એ માટે સંઘર્ષ અને સાહસ કરવું જ જોઈએ તો જ સફળતા મળશે. ભુતકાળ વાગોળ્યા કરવાથી જીંદગી સ્થગિત થઈ જાય છે. અને શીખવું એ જ ધ્યેય રાખવું કેમકે આનો કોઈ પર્યાય નથી. કદઓ યુવતીઓ તથા બહેનોને માર્ગદર્શન આપવા હું હંમેશ તત્પર છું.

**પ્ર.સ.** ગીતિકાબેન આપને ખૂબ ખૂબ અભિનંદન તથા માહિતી બદલ આભાર.

**- ઍડ. ઉદયન શાહ**

## ચંદ્રયાન-૩માં એચડી ફાયર - હરીશભાઈ ધરમશી-સુથરી (મુલુંડ)નો ફાળો



આપણા કેડીઓ સાહસિકો હવે એડવાંસ ટેક્નોલોજીમાં નોંધપાત્ર આગળ વધી રહ્યાં છે. ચંદ્રયાન-૩ જેવા ઈસરોના અગત્યના પ્રોજેક્ટમાં ખાસ કરી થર્મલ અને સાઉન્ડ પ્રોટેક્ટીવ શીલ્ડમાં વિક્રમસી ઉપરાંત મુલુંડના એચડી ફાયર ગ્રુપનો પણ અત્યંત ઉપયોગી ફાળો છે. કલ્પના જ કરવી પડે કે તોતિંગ એલવીએમ-૩, એમ-૫ રોકેટને ૧૭૦ કિ.મી. દર સેકેન્ડની સ્પીડમાં છોડવા માટે ૩૯૦૦ કિલો. (લગભગ ચાર ટન) વજનના રોકેટ માટે કેટલી એનર્જીની જરૂર હશે?




જ્યારે એને અવકાશમાં છોડવાનું શરૂ કરાય છે. ત્યારે જે બળતણનો વિસ્ફોટ થાય છે અને પ્રચંડ અવાજ સાથે જ્વાળાઓ નીકળે છે તેને શાંત પાડવા માટે પાણીનો જબરદસ્ત મારો ચલાવવામાં આવે છે. એચડી. ફાયર પ્રોટેક્ટ ગ્રુપ તરફથી આ વિશેષ યંત્રણા પૂરી પાડવામાં આવી છે. આ વિશેષ યંત્રણામાં એચડી વર્ષા નોઝલ્સ વાપરવામાં આવ્યા છે. આ નોઝલ્સ દ્વારા ટેક ઓફ સમયે માત્ર ૩ સેકન્ડમાં ૨,૫૦,૦૦૦ લીટર પાણી વૉટર જેટ દ્વારા દર મિનીટ દીઠ છોડવામાં આવ્યું હતું. આવી શાનદાર ઉપલબ્ધી માટે હરીશભાઈ નરશી દેવણાંધ ધરમશી-સુધરી (મુલુંડ)ને અનેક વિશેષ ઉપલબ્ધીઓ ધરાવે છે. જેમા જલગાંવ જીલ્લા બેસ્ટ ઈન્ડસ્ટીઝ ઍવોર્ડ, સ્ટાન્ડર્ડ ફોર્મ કમેટી યુએલયુએસેના ટેક્નીકલ મેમ્બર, એશિયા પેસીફીક માટેની એફએમયુએસએ સલાહકાર સમિતીના ઈસ્ટીટ્યુશનલ મેમ્બર, તેમજ બ્યુરો ઑફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડસ્‌ના પેનલ મેમ્બર છે. ઉત્તરોત્તર પ્રગતિ માટે પ્ર.સ. તરફથી શુભેચ્છા સહ અભિનંદન.

**- કેસરસિંહ ખોના**

તંત્રી સ્થાનેથી

# કદઓ, કચ્છ અને કચ્છી સમાજ



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

એક સમાચાર વાંચવામાં આવ્યા. વિશ્વમાં 1 થી 10 નંબરમાં આવતા એક અબજોપતિ ઉદ્યોગપતિ દિલ્હી, ઉ.પ્ર. અને હરિયાણાને લાગીને આવેલી ૮000 એકર જમીનમાં એક સ્માર્ટ શહેર ઉભું કરી રહ્યાં છે. અનેક બહુરાષ્ટ્રીય કંપનીઓએ આમાં જગ્યાઓ ખરીદી છે. ગુજરાતનું ગીફ્ટસીટી અને કચ્છનું વિશાળ અદાણી બંદર (પોર્ટ), આ બધું શું સુચવે છે? આ લખનારના સાંભળવામાં આવ્યું છે કે એક ઔદ્યોગિક ગૃહે સરકાર પાસે કચ્છમાં ૫000 હેક્ટર જમીન માંગી છે. (તમારે આ બાબત તપાસ કરી લેવી).

કચ્છમાં ખાસ કરી અબડાસામાં કદઓ અને જૈનોની વસ્તી નહીં જેવી છે. કચ્છમાં કચ્છીઓની વસ્તી પણ ઓછી છે અને આની સામે કચ્છ જિલ્લાની વિશાળતા જુઓ. કચ્છ એ ભારતના કોઇ એક નાના રાજ્ય જેટલું વિશાળ છે. શું કરવું જેથી કચ્છ, કચ્છીયત, કચ્છી કળા, સંસ્કાર, વાણી, કચ્છી ખાણીપીણી, કચ્છી મહેમાનગતિ, કચ્છી જૈન અને કચ્છના બીજા ધર્મના રીતિરિવાજો ટકી રહે?

દરેક કચ્છી સમાજ પાસે ભંડોળની કમી નથી અને કચ્છીઓ દરિયા દિલ છે. વહીવટી કુનેહ અને સાહસિકતા પણ કચ્છી માડુઓના લોહીમાં છે. કચ્છની પરંપરાગત ખુમારી પણ નોંધપાત્ર છે. છતા કચ્છમાંથી કચ્છીઓ ઓછા થઇ રહ્યાં છે.

શું કરવું? સુજ્ઞ વાચકો એક વાત યાદ રાખજો કોઈપણ જ્ઞાતિ, રીતિરિવાજો વટલાઇ શકે છે. દેશમાં 'ધરતીના છોરું' કે 'મા' માટી અને માણસને આગળ કરીને પ્રાથમિકતા આપવામાં આવે છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે કચ્છીએંજો અને કચ્છજો કોરો?

કચ્છીઓએ કચ્છ ઉપર પોતાનો દાવો હવે કરવો જરૂરી છે. આપણે દાવો નથી કર્યો એટલે પરપ્રાંતીઓએ ખેતીથી માંડીને ધાર્મિક સંસ્થાઓ ઉભી કરી છે, એ પણ એકરોમાં, ભાઇ હવે દાવો કરો, કચ્છ આપણું છે. નહીં તો ગોળા સાથે ગોફણ પણ જશે. દરેક કચ્છી મહાજનો, સંસ્થાઓએ એ માટે આગળ આવીને હજારો હેક્ટર જમીન ખરીદવાની જરૂર છે. અને 'ગરિમાપૂર્ણ કચ્છ' જેની ગરિમા સ્માર્ટ સીટીથી પણ ઉંચેરી હોય એવું નવનિર્માણ કરવાનું છે.

(ક્રમશઃ)

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

## કદઓ બ્રાન્ડ ચંદ્રમા ઉપર

તા. ૫.૭.૨૦૨૩ના પ્ર.સ.ના તંત્રીલેખ 'બ્રાન્ડ નેમ' કદઓ જ્ઞાતિ, આ વાતને સાર્થક કરતી બે ઘટનાઓએ તા. ૧૫.૭.૨૦૨૩ના આકાર લીધો. ચંદ્રયાન-૩ની ચંદ્રમા ઉપર પહોંચવાની ઉડાનમાં હરીશ નરશી ધરમશી-સુથરી(મુલુંડ) અને તેમના કુટુંબીજનો દ્વારા સંચાલિત H.D. Fire Protect Pvt. Ltd. અને શ્રીમતી ગીતિકાબેન જયેશ વિકમશી- વરાડીયા (ખામગાંવ) દ્વારા સંચાલિત Vikamshi Fabric Pvt. Ltd. દ્વારા બનાવેલ ઉપકરણોએ ચંદ્રયાન રૉકેટને ચંદ્ર ઉપર મોકલવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૧૮, તા. ૨૦-૦૭-૨૦૨૩**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





(ભાગ : ૦૨)

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**''કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા''**

વર્ષ ૨૦૦૧ની જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાયીજીની આજ્ઞાથી આજ્ઞાંકિત શિષ્ય શ્રી નરેન્દ્ર મોદી, જે ભાજપાનાં સચિવ-મંત્રી હતા તેમણે કચ્છની ધુરા સંભાળી. ધરતીકંપમાં ધરાશયી થયેલ કચ્છને ફરીથી વિકાસના માર્ગે ધપાવ્યું જેના આપણે સાક્ષી છીએ. કચ્છનાં અફાટ રણની મુલાકાત પોતાની કથનીમાં જણાવેલ છે તે પ્રમાણે પહેલા પણ સંઘના કાર્યો માટે લીધેલ અને એ રણની વિશિષ્ટતા એમના મનમાં વસી ગયેલ.

લગભગ વર્ષ ૨૦૦૩માં કચ્છને દુનિયાભરનાં નકશા પર મુકી કચ્છનાં બેમિસાલ સૌંદર્યને માણવા દુનિયાભરનાં લોકો અહીં પધારે તે માટે કાંઈક તો કરવું જ જોઈએ એવી ભાવના ગુજરાત રાજ્યનાં નિમાયેલા મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં મનમાં રમવા લાગી.

સબસીડી અને વેરામાં રાહતો આપી કચ્છનાં ઉદ્યોગોને તો સ્થાપી શકાશે પણ કચ્છનાં અંતરિયાળ ગામોમાં વસતા ''કચ્છી માડુ''નો વિકાસ કેવી રીતે ?? કચ્છનું ભરતકામ, બાંધણી કામ,ધડકી કલા, અજરખ કામ વગેરે (કચ્છની જગવિખ્યાત હસ્ત હુન્નર કલા પર એક આખો અલગથી લેખ ભવિષ્યમાં) જે કલાઓ ઉપર કચ્છીઓનું જીવન ટકી રહ્યું છે તે માટે શું ?

અને આ નેતાએ - ફિલ્મી જગતનાં મહાન અભિનેતાનો સહારો લીધો. કહેવાય છે કે શ્રી અમિતાભ બચ્ચને બહુ ઓછું માનધન સ્વીકારી કચ્છ માટે જાહેરાતોનાં ઓજસ પાર્થર્યા. કચ્છની ભૌગોલિક રચના અને તેની વિશિષ્ટતાઓ વિશે વાત કરું તે પહેલાં કચ્છનાં ''ઓઢો જામ અને હોથલ પદમણી''ની લોકવાર્તા ટુંકમાં કહું.

કચ્છ પુરાતન પ્રદેશ કંઠ કકડારાના ગોલાયગઢમાં કુમાર ઓઢાનાં લગ્નની તૈયારી છે અને તેમનાં જ કુટુંબની, સિંધના પાદશાહ આથો (ગાય-ભેંસ-ઘોડાનું ધણ)નું હરણ કરી જાય છે. મોટાભાઈ હોથી લગ્ન પ્રસંગ હોવા છતાં આથો વાળવા ધીંગાણે ચડે છે. અહીં મીણાવતી, હોથી જામની પત્ની અને ઓઢાની ભાભી ઓઢાનાં સૌંદય પર મુગ્ધ થઈ અઘટિત માંગણી કરે છે. પણ ટેકીલો ઓઢો તું તો મારી મા છે કહીં આશિર્વાદ લીધા સિવાય મીણાવતીના શયન કક્ષમાંથી બહાર નીકળી જાય છે.

મોટોભાઈ હોથી જામ આથો વાળી પાછો વળે છે ત્યારે પોતાના બચાવ માટે મીણાવતી તેના કાન ભંભેરે છે અને તેથી જ મોટોભાઈ હોથી જામ ઓઢાને પોતાના રાજ્યમાંથી ચાલી જવા હુકમ કરે છે.

વિચરતા વિચરતા ઓઢાને સિંધ બાંભણાસર જતા રસ્તામાં પુરુષવેશમાં ''હોથી''નો ભેટો થાય છે, હોથી અને ઓઢાનું લક્ષ્ય સિંધ બાંભણાસરનાં પાદશાહને હરાવી ઓથો પાછી વાળવાનું હોવાથી બન્ને પોતાનાં સૈન્ય સાથે યુદ્ધે ચડવા નિકળી પડે છે અને ઓથો પાછી લાવી સાથે રહે છે ત્યારે હોથલ પદમણી જે ઓઢા સાથે હોથી બન્નીને રહેતી હતી તે પોતાની વેશભુષા બદલી અસલ સ્ત્રીના સ્વરૂપમાં સામે આવી ઓઢા સાથે લગ્ન કરી સહજીવન વીતાવે છે.

હવે હોથી જામને પોતાની પત્ની મીણાવતીનાં મૃત્યુ પછી સાચી વાતની ખબર પડે છે તેથી ઓઢાને કચ્છ પાછો ફરવા સંદેશો મોકલે છે. ઓઢો હોથલ પાસે પ્રસ્તાવ મુકે છે ત્યારે હોથલ ઓઢા વચ્ચે થયેલ વાતચીતને શ્રી દુલેરાય કારાણી કાવ્યમાં અંકિત કરે છે.

**''ખેરીં બેરીં ને બાવરીં, ફુલ કંઢા ને કખ્ખ,**
**હોથલ ! હલ્લો કચ્છડે, જિત માડૂ સવા લખ.''**

ભાવાર્થ : કચ્છમાં ખેર (ખેર-સાંકડી, રાજસ્થાનમાં એની કોમળ દાંડીયોનું શાક બને, અને અથાણામાં આપણને ''ડોરા'' મળે.) બોરડી (જેના પર લિયાર લાગે) બાવળ, ફુલ, કાંટા અને ખડ છે તો પણ હે પ્રિયે હોથલ ! ત્યાં માણસો સવા સવા લાખનાં અર્થાત અમુલ્ય છે. માટે ત્યાં ચાલો.

(લેખની નોંધ : ઓઢો જામ અને હોથલ પદમણીની વાર્તા અને શબ્દચિત્ર આલેખવા સ્વ. શ્રી દુલેરાય કારાણી લીખીત ''કચ્છ કલાધર'' પુસ્તકનો આધાર લીધેલ છે. ઋણ સ્વીકારું છું. (વધુ આવતાં અંકે...)


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૨૦-૦૭-૨૦૨૩

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧) પાવાપુરીનું પ્રાચીન નામ (૫)
૩) આપણે રહીએ છીએ એ ક્ષેત્ર (૩)
૫) આ તીર્થંકરના પ્રથમ પિતાનું નામ ઋષભદત્ત હતું (૪)
૬) આદીનાથના પુત્રનું નામ (૨)
૮) અંતરનું એક માપ (૩)
૧૦) પાર્શ્વનાથના ગણધર કેટલા? (૨)
૧૧) સાતમું પાપ સ્થાનક (૨)
૧૩) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૧૪) જીનાલયની ધજા ચડાવવા વખતે કરાવવામાં આવતું પૂજન (૫)
૧૫) .... તે સ્વરૂપે .... ત્યાં બિરાજો (૨)
૧૬) એક અષ્ટ મંગલ (૫)
૧૯) હું છું .... મારો જાલજો રે હાથ (૩)
૨૦) આ ચાર છે (૨)
૨૧) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨૨) ચાંદીના .... ની આંગી થાય (૩)
૨૪) અહીં દર વર્ષે ૨૨મી મેના મહાવીર સ્વામીના કપાળ ઉપર સૂર્ય તિલક થાય છે (૨)
૨૬) અક્ષતનો ઉપયોગ આ બનાવવા થાય (૩)
૨૭) એક કર્મ (૨)
૨૮) પર્યુષણમાં અઠ્ઠાઈ કરનારાઓને .... આપવામાં આવે (૨)

**ઊભી ચાવીઓ :**

૧) જે તીર્થંકરના ૧૧૬ ગણધર હતા (૭)
૨) આ શ્રાવકનું સામાયિક વખણાય (૩)
૩) આ સજ્ઝાય રાઈ પ્રતિક્રમણમાં બોલાય (૫)
૪) આ નવ છે (૨)
૫) કોઈપણ પુસ્તકનું ..... ચિંતન કરવાથી એની સમજ વધે છે (૩)
૭) અચ્છેરા કેટલા? (૨)
૯) મહાવીર સ્વામીના સંસારીક જમાઈ (૩)
૧૨) ...... ના ચાર મુષ્ટિ લોચ થયા (૪)
૧૪) અહીંના અધિષ્ઠાયક દેવ ભોમિયાજી છે (૭)
૧૭) અવસીર્પિણીકાળનાં પહેલા ત્રણ આરામાં જન્મે (૪)
૧૮) મનુષ્ય .... સિવાય મોક્ષ ન મળે (૨)
૧૯) આગમની ભાષા (૫)
૨૧) ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૩)
૨૩) રાજસ્થાનનું એક તીર્થ (૨)
૨૫) વીસ વિહરમાનમાંના એક (૨)

---

**ધર્મસંદેશ - ૫.૦૭.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) જોજન (૨) અધર (૪) કોકા (૬) ચક્ષુ (૭) લાંતક (૮) ચિંતા (૯) બે (૧૧) માન (૧૨) મતિ (૧૩) રાત (૧૪) દયા (૧૬) પાણી (૧૮) નંદારાણી (૧૯) રત્નપુર (૨૧) પુરિમતાલ (૨૫) ચાર (૨૬) સતી (૨૭) વૈમાનિક (૨૮) નાણા. **ઊભી ચાવીઓ :** (૧) જોતિંગડા (૨) અશોકવૃક્ષ (૩) રત્નચિંતામણી (૫) કાચબો (૭) લાંછન (૧૦) વૈતરણી (૧૧) માયા (૧૪) દઢરથ (૧૫) સગર (૧૬) પાલનપુર (૧૭) દાદા (૨૦) પુના (૨૨) મયણા (૨૩) લસણ (૨૪) વામા.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

# બોન સેટીંગ કરી આપતા નિષ્ણાંત કદઓ હાડવૈદ લક્ષ્મીચંદ મોતા

શરીરની રચના કુદરતે બનાવી છે. આપણે આપણી બુદ્ધિ ચલાવીને જે તેની રચનાની વિરૂદ્ધ વર્તન કરીએ તો તેની રચના બદલી જાય છે. તેથી હાડકા પોતાનું ઓરીજીનલ સ્થાન બદલી જતાં તકલીફ આપવાનું શરૂ થઈ જાય છે.

ગર્દન ઉપર નીચે બન્ને બાજુએ જોવાનું કામ કરે છે. વધારે વખત સાઈડમાં કે ઉપર તકીયાથી ખેંચાણ આવે તો મસલ પોતાની સ્થિતીસ્થાપકતા છોડી દેવાથી હાડકા આગળ પાછળ થાય છે તેના થકી એક્સન ઓછી થઈ જાય છે. વધારે વાર ઉંચી ગર્દન રાખીને સુવાથી હાડકા ઉપર નીચે થઈ જાય છે. તેની વચ્ચે જે ગાદી જેવો ભાગ છે તે દબાઈ જવાથી તેની એક્શન જુદી રીતે ઓછી થઈ જાય છે.

હાથનો ખભો બહારની સાઈડે છે તેથી હાથ ઉપર નીચે સાઈડમાં તથા આગળ પાછળ થઈ જાય છે. સાઈડમાં સુવાથી તેને દબાણ આવતા લોહીનું ભ્રમણ ઓછું થાય છે. અને તેથી હાથ સુઈ જાય છે. (મગજના ઓર્ડર પ્રમાણે કામ થતું નથી). તેની સાથે ડોકમાં પણ ખેંચાણ ઉભું થાય છે તેથી તેની રચના બદલી જાય છે.

કમરના મણકા પણ વધારે વખત ખેંચાણમાં રાખવાથી ઉપર નીચે થઈ જાય તેથી ગાદી અને નસોને દબાણ આવે છે અને તેની રચના બદલાતા આગળ પાછળ થવામાં તકલીફ થાય તેથી ચત્તા સુઈ શકાતું નથી. પડખા બદલાવતા રહેવું પડે છે તેની અસર ગર્દનમાં પણ થાય છે અને પગમાં પણ તેની અસર આવે છે. કારણ કે છેવટના મણકા ઉપર દબાણ થાય છે. પગનો બોલ જોઈન્ટ લંબર અને સેકરમ હાડકા ઉપર દબાણ આવવાથી પગની પણ તકલીફ શરૂ થઈ જાય છે જેને સાયટીકાની તકલીફ કહેવાય છે. હાથની રચના જુદી રીતે કામ કરે છે જ્યારે પગની રચના જુદી રીતે, પગ વચ્ચેથી આડો અવડો થતો નથી જ્યારે હાથ કોણીમાં ફરી શકે છે. એટલે સાઈડમાં નમવાથી બોલ સોકેટ, ગોંઠણ અને પગના એંકલ ઉપર સીધી અસર થાય છે. પગ આગળ વધારે ઉપડે છે. એનાથી પાછળ ઓછું થાય છે. સાઈડમાં વધારે ફેલાવવાથી બોલ સોકેટને દબાણ આવતા તે પોતાની અસલી જગા છોડી દે છે અને તેની સાથે ગોઠણને દબાણ આવતા તે પોતાની અસલ જગ્યા છોડી દઈ આગળ પાછળ કે સાઈડમાં ખસી જતા ગોઠણથી પગ સીધો થતો નથી. તેની સાથે પગના જોઈન્ટને પણ અસર થાય છે. પગ આખા શરીરનું વજન ઉપરાંત આપણે જે પણ ઉપાડીએ છીએ તેનો ભાર પગનાં પંજા ઉપર આવે છે. તે વખતે તળીયા કાંકરા કે પથ્થર ઉપર રાખતા તે હાડકા પોતાનું સ્થાન છોડી દેતા આખા પગમાં મુશ્કેલી ઉભી કરે છે. કારણ કે તેનું પગની નસો ઉપર દબાણ આવતા લોહીનું ભ્રમણ ઓછું થાય છે અને પંજાની મુવમેંટમાં તકલીફ ઉભી થાય છે.

મારી સમજ પ્રમાણે એક્સરે કે બીજી એમઆરઆઈ મશીનમાં હાડકું તુટે તો દેખાય પણ ખસે છે તે દેખાતું નથી. એટલે જે પ્રમાણે તેમને શીખડાવવામાં આવે છે તે પ્રમાણે લખી આપે છે.

જે હાડકાં પોતાનું સ્થાન છોડી દે છે તેને જુના જમાનામાં જેમને તે જ્ઞાન હોય તે પ્રેશરથી સરખું કરે છે અને તુટે તો ખાંપીઆ બાંધીને સરખું ગોઠવી આપે છે તેમાં પ્રેક્ટીસ અગત્યની છે. કયા સ્થાન ઉપર પ્રેશર (દબાણ) કેટલું આપશું તેના ઉપર રહે છે. કારણ કે દરેકની સ્થિતીસ્થાપકતા એક સરખી હોતી નથી. ઓછું પ્રેશર થાય તો બરાબર જ ગોઠવાય અને વધારે પડતું પ્રેશર થાય તો તેની અસર શરીર ઉપર થાય છે, કારણકે મસલ્સની ગ્રીપ ઓછી થઈ જાય છે. તેથી હાડકું પોતાની શક્તિ પ્રમાણે આગળ પાછળ થઈ શકે છે.

શરીરનું સંચાલન મગજથી થાય છે. એટલે દુઃખાવો અને સમજ ન રહેતા આપણે પોતે તેનું સરખુ કરવાનું કરી શકતા નથી. ડૉક્ટર કે હાડવૈદ્ય પાસે જઈએ છીએ.

પેનકીલરની દવા આપણા મગજ ઉપર સીધી અસર કરે છે. મગજને કામ કરતું કે ઓર્ડર કરતું ઓછું કરી નાખે છે તેની અસર ઘટે તે પહેલાં ડૉક્ટર બીજો ડોસ લેવાનું કહે છે. મારૂં માનવું છે કે તેનાથી તે સરખું થતું નથી, કાં તો તકલીફ વધે છે અથવા તો કોઈ કારણસર શરીરની રચનામાં પ્રેશર આવી જતાં પોતાની મેળે ગોઠવાઈ જાય છે. કારણ કે કુદરતે દરેકે દરેક પ્રાણી પશુને શું ખાવું શું ન ખાવું તેની સમજણ આપેલ છે. અને તે પ્રમાણે તેઓ પોતાનું રક્ષણ કરે છે.

પ્રકૃતિમાં ભગવાને ફક્ત મનુષ્યને જરા જુદી રીતે ઘડેલ છે. જે બધી જ જાતિના પ્રાણી પક્ષી બધાને કંટ્રોલ કરી શેક છે ઉપરાંત સર્જન અને વિસર્જનની પણ શક્તિ તેમાં છે. જેથી તેને સર્વોત્તમ સર્વ શક્તિમાન ગણી શકાય તેમ છે.

મનુષ્ય ભવ સૌથી ઉત્તમ ભવ છે. તેને સાર્થક કરવા જ્ઞાનતત્ત્વની સમજ લેવી જરૂરી. દિવસના ૨૪ કલાકમાં ૮ કલાકની ઉંઘ જરૂરી છે. બાકી ૧૬ કલાકમાં શું કરવું તે તમારી જરૂરત મુજબ ગોઠવવાનું રહે છે. કહેવત છે કે નરમાંથી નારાયણ બની શકાય છે.

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે બીજાને તાર્યા.

**લક્ષ્મીચંદ મેઘજી મોતા-મસ્જીદ બંદર-૯૩૨૩૯૧૫૮૨૫**

॥ શ્રી મહાવીરાય નમઃ ॥ KDO ॥ શ્રી સુવિધીનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ
# શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ
# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૧.
**મુંબઈ કાર્યાલય :** શ્રી રાયચંદ ડી. જીવાણી, ૨૦૨, શ્રીજી વિલા, સ્ટેશન રોડ, લોહાર અલી, થાને (વે)-૪૦૦ ૬૦૧.

## આવ્યા આવ્યા રે... જખૌ રત્નટુંક તીર્થના જિનાલયમાં
## શતકોત્તર અમૃત મહોત્સવ આવ્યા રે...

# આગોતરૂ આમંત્રણ

**: વિજયસામ્રાજ્ય-નિશ્રાદાતા :**
સમગ્ર જૈન સમાજના સર્વોચ્ચપદે બિરાજમાન
તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**: દિવ્યઆશિષ :**
રાષ્ટ્રસંત-ભારતદિવાકર
શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ. જૈનાચાર્ય
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

**: આશિષ કૃપા :**
સાહિત્ય દિવાકર
રાજસ્થાન દિપક, અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

સરળસ્વભાવી, જખૌરત્ન, ૨૩ વર્ષીતપના આરાધક
પ.પૂ. આ.ભ.
**શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

જ્યોતિષાચાર્ય
પ.પૂ. આ.ભ.
**શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

આગમાભ્યાસી
પ.પૂ. આ.ભ.
**શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

## ૧૭૫ વર્ષ પ્રાચીન અબડાસામાં કચ્છની મોટી પંચતીર્થી નું
## ૧૦ ટુંક વાળું એકમાત્ર જખૌ રત્નટુંક જિનાલય

**Shatkottar Amrut Mahotsav**
**Saturday to Monday**
**Dt. 23-24-25 December 2023**

મંગળકારી નિશ્રા **પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિઠાણા,
**પ.પૂ. સા. શ્રી મહોદયાશ્રીજી મ.સા.** આદિઠાણા તથા
કચ્છમાં વિચરતા પ.પૂ. સાધુ તથા સાદ્વીજી મહાત્માઓને વિનંતી કરેલ છે.
પોતાની અનુકુળતાએ પધારી શુભ નિશ્રા પ્રદાન કરશે.

**શતકોત્તર અમૃત મહોત્સવ**
**શનિવાર થી સોમવાર**
**તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૨૩**



-: નિમંત્રકઃ-

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ અને**
**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ વતી,**
**શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ**

।। શ્રી મહાવીરાય નમઃ ।। ।। શ્રી સુવિધીનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ
# શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ
# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૧.
**મુંબઈ કાર્યાલય :** શ્રી રાયચંદ ડી. જીવાણી, ૨૦૨, શ્રીજી વિલા, સ્ટેશન રોડ, લોહાર અલી, થાને (વે)-૪૦૦ ૬૦૧.

## શતકોત્તર અમૃત મહોત્સવ તા. ૨૩-૧૨-૨૦૨૩ થી તા. ૨૫-૧૨-૨૦૨૩

શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસરના ૧૭૫ વર્ષ (શતકોત્તર અમૃત મહોત્સવ) ની શાનદાર ઉજવણી પ્રસંગે તા. ૨૨-૧૨-૨૦૨૩ થી તા. ૨૬-૧૨-૨૦૨૩ દરમ્યાન જખૌ તીર્થ પધારનાર સર્વ જખૌવાસીઓ તથા જખૌની નિયાણી પરિવારજનોને સહર્ષ આગોતરૂં આમંત્રણ પાઠવીએ છીએ. આમાં નીચે મુજબનું ફોર્મ ભરી ત્વરીત તા. ૩૧-૦૮-૨૦૨૩ સુધી મોકલી આપશો. જેથી સગવડતામાં સુગમતા રહે.

હું શ્રી/શ્રીમતી ________________________________ જખૌવાસી/

નીચાણી પરિવાર જખૌ હાલ વસવાટ ____________________ રાજય ____________________

વસ્તીપત્રક નં. ____________________

હું/અમો તા. ________________ ના જખૌ મુકામે અંદાજે ટાઇમ ________________ પહોંચશું.

આ મહોત્સવમાં તા. ૨૨-૧૨-૨૦૨૩ થી તા. ૨૬-૧૨-૨૦૨૩ બપોર સુધી મહાજનની વ્યવસ્થા હશે. જેમાં શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ દ્વારા આપવામાં આવેલ રહેવાની વ્યવસ્થા સામુહીક ધોરણે અમને માન્ય રહેશે.

| અ.ક્ર. | નામ | ઉમર | સંબંધ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |

તમારૂં ફોર્મ ભરી Whatsapp No. દ્વારા અથવા રૂબરૂ કે પોસ્ટ દ્વારા મુંબઈ કાર્યાલયે મોકલવા વિનંતી.

**-: સંપર્ક :-**

**જયંતિલાલ દેવશી મૈશેરી**
**98197 48250**

**યોગેશ હંસરાજ મુનવર**
**98337 95212**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ**
**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**
**શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ વતી,**
**ટ્રસ્ટીગણ, અધિકારીગણ અને કારોબારી સભ્યો**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન-દિવ્યાંગ સમિતિ

ગત બે મહિનામાં શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિએ એક અનોખો પ્રકલ્પ પાર પાડ્યો. દેશના વિવિધ પ્રાંતોમાં રહેતા ૫૦ દિવ્યાંગજનોના ઘરોમાં તેઓએ આંબા તથા અનાજ કિટ નું વિતરણ કર્યું. આ પ્રકલ્પનો ખર્ચ લગભગ ૫૫ હજાર થયેલ, જે સમસ્ત મહાજને સ્પોન્સર કરેલ.

### શ્રી કે ડી ઓ જૈન મહાજન-યવતમાલ

મહાજનની મિટીંગ શ્રી વિક્રમભાઈ ધરમશીની અધ્યક્ષતામાં થયેલ જેમાં મહાજનના આધારસ્તંભ અશ્વિનભાઈ ધરમશીને શ્રદ્ધાંજલી અર્પણ કરાયેલ.

શ્રી કીર્તીકુમાર શામજી નાગડાની ઉપપ્રમુખ પદે તેમજ શ્રી વિમલ વીરચંદ મૈશેરીની સેક્રેટરી પદે નિમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમમાં કારોબારી સભ્ય તરીકે શ્રી મનીષ વિક્રમભાઈ ધરમશીની અને આમંત્રિત સભ્ય તરીકે શ્રી નિલેશ દિનેશચંદ્ર લોડાયાની વરણી કરવામાં આવેલ.

### સખીવૃંદ-પુના

તા. ૧૫ એપ્રિલના કીર્તિબેન નાગડાના નિવાસસ્થાને "Foody In You" ના વિષય પર મીટીંગ યોજાઈ હતી. કીર્તિબેને પાક કલા શીખવાડવાની સાથે સ્પર્ધાનું પણ આયોજન કર્યું હતું. સ્પર્ધાના વિજેતાઓ પ્રથમ અવની દંડ તથા દ્વિતીય દિનલ ધરમશી રહ્યાં. પ્રમુખશ્રી મીતાબેને સર્વે સભ્યોને આવકાર્યા. ચાંદની લોડાયાએ માર્ચ મહિનાનો અહેવાલ રજુ કર્યો. સોનલબેન લોડાયાએ હેતવી નાગડા તથા કીર્તિબેને નાગડાનો આભાર વ્યક્ત કર્યો.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદ

તા. ૧૮ જૂનના અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની અમદાવાદ નગરે પધરામણી પ્રસંગે ગચ્છાધિપતિ ભક્તિ આયોજન કરવામાં આવેલ. શ્રી કે.ડી.ઓ. મહાજનના પદાધિકારીઓ દ્વારા પૂ. ગુરૂદેવશ્રીનું અક્ષતથી પક્ષાલન કરવામાં આવેલ. સ્વમુખે એકમનું મહામાંગલિક સાંભળી જ્ઞાતિજનોએ ધન્યતા અનુભવી.

શ્રી ગિરનારજીની તેમજ શ્રી સિદ્ધાચલજીની ૯૯ યાત્રાના તપસ્વી રત્નોનું બહુમાન કરવામાં આવેલ. ૫૦૦૦ આયંબિલની ઉગ્ર તપસ્યા કરનાર મહાજનશ્રીના વરિષ્ઠ જ્ઞાતિજન શ્રી ગોવિંદજીભાઈ નાગડાનું બહુમાન કરવામાં આવેલ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદ દ્વારા સંચાલિત શ્રી ભવનના નામ લોકાર્પણના આયોજનમાં મહાજનશ્રી આમંત્રણને માન આપી શ્રી ભવનના મુખ્ય દાતા શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના સભ્યો પધારેલ. શ્રી હેમાંગભાઈ ધરમશી, શ્રીમતી હીનાબેન કલ્પરાજભાઈ ધરમશી, મહારાષ્ટ્ર એકમના પ્રમુખ શ્રી મનિષભાઈ લોડાયા, શ્રી તીલેશભાઈ મૈશેરી, શ્રી હિનેશભાઈ લોડાયા, સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ દંડ, બરોડા મહાજનશ્રીના પ્રમુખશ્રી હિરેન્દ્રભાઈ મોતા તેમજ અંકલેશ્વરથી પશ્ચિમ એકમના પ્રમુખશ્રી કમલેશભાઈ દંડની ઉપસ્થિતિમાં શેઠ રાયચંદ ધરમશી ભવનનું લોકાર્પણ થયું.અમદાવાદ મહાજન પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ ખોનાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

### જૈનોને પાંચ ઍવોર્ડ

જૈનોનો પ્રેસીડન્ટ ઍવોર્ડ અરવિંદભાઈ અને જયાબેન શાહને દાતા અને સવલતકર્તા ઍવોર્ડ, મુકેશભાઈ દોશીને જયા રીહેબિલેશન ઈન્સ્ટીટ્યુટ એન્ડ રીસર્ચ સેન્ટર-બિદડા અને પાલીતાણા જાયરેક્ટર અને સાધુ-ગુરૂજનોની વૈયાવચ્ચ વ્યવસ્થા, દિવ્યાંગ સેવા માટે અને સેન્ટરને પણ એવોર્ડ એનાયત કરાયો છે. શ્રીમંત દાનવીર કિરણભાઈ પટેલ કાર્યક્રમના અધ્યક્ષ હતા. કિરણભાઈએ સ્થાપેલ કિરણભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટમાંથી આગામી દસ વરસ દરમિયાન ૫૦૦૦૦ જેટલા તબીબ અને પેરામેડીકલ સ્ટાફ બહાર પડશે. અત્રે નોંધવું રહ્યું કે જૈનોના ઈતિહાસમાં પહેલી જ વાર એક જ સંસ્થાને પાંચ ઍવોર્ડ પ્રાપ્ત થયા છે.

### માઈક્રોફિનિશવાળા તિલકભાઈની અનુકરણીય પહેલ

કેડીઓ જૈન એજ્યુકેશન ટ્રસ્ટ-હુબલી સંચાલિત હુબલીની શાળાના વિદ્યાર્થીઓ માટેની મધ્યાહન ભોજન

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

યોજના માટે અક્ષય પાત્ર સંસ્થા દ્વારા તૈયાર કરાતા ભોજનને માઈક્રોફિનિશ ગ્રુપની કંપનીના મુખ્ય સૂત્રધાર તિલકચંદ કરમચંદ વિકમશી (વરાડીયા) હુબલી દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યું છે.

અક્ષય પાત્ર દ્વારા તૈયાર કરવામાં આ ભોજનનો એકવર્ષ માટે વિદ્યાર્થીઓ અને શિક્ષક તથા સ્ટાફ મળીને કુલ ૨૬૦ જણને લાભ મળશે.

**ભુજમાં માનવ જ્યોત સંચાલિત વૃદ્ધાશ્રમ**

ભુજથી લગભગ ૬ કિ.મી.ના અંતરે 'વડીલોનો વિસામો' નામે પાલારા ખાતે વૃદ્ધાશ્રમની યોજના આકાર પામી રહી છે. મુખ્ય દાતા શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા કચ્છ છે. ભુજના મુખ્ય સંપર્ક પ્રબોધભાઈ મુનવર છે.

**શાંતિજિન ગ્રુપ આયોજીત સમુહ લગ્ન**

શાંતિદિન જૈન જાગૃતિ ગ્રુપ આયોજીત સમુહલગ્ન તા. ૧૬.૧૨.૨૦૨૩ના કચ્છમાં યોજવામાં આવશે. ભુજના પ્રબોધભાઈ મુનવર (99251 69876) ગોવિંદભાઈ પટેલ (98205 40949) વીરેન્દ્રભાઈ લોડાયા (98210 73830) રાયપુરના ચંદ્રેશભાઈ છેડા (94252 13540) આદિ મહાનુભાવોનો સંપર્ક સાધી શકાશે.


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

K.D.O. સમાજને
ભાવભર્યું આમંત્રણ
જુની સાચી જરી વેચવા માટે
જુનું અને જાણીતું વિશ્વસનીય નામ
એટલે પાંજી દુકાન 'મહાવીર સારીઝ' સાંતાક્રુઝ

MAHAVIR SANTACRUZ

તમારા કબાટમાં ઉપયોગમાં ન આવે તેવી
ફક્ત સાચી જરીની સાડી, ચણીયા-ચોળી, સાચી જરીનાં ઘરચોળા,
બોર્ડર, સાચી જરીના સેલા, બટકસબ તથા આરી વર્કની સાડી,
ચણીયા-ચોળી, દેરાસર તથા માતાજીના મંદિરનાં ચંદરવા
પોઠીયા, છુટ્ટી સાચી ટીકી, સુરમો-કસબ તથા ઘુઘરી.
બજાર કરતાં વધારે ભાવથી વેચવાં લઈ આવો.
બીજે ક્યાંય જતા પહેલા અવશ્ય અમારા શોરૂમની મુલાકાત લો.

Only One call અમે તમારી સેવામાં હાજર. અગર તમે ન આવી
શકતા હો તો અમને એક ફોન કરો. તમારા ઘરે આવીને તમારી જુની
સાચી જરીની Item પ્રમાણે રોકડા પૈસા આપીશું.

રોકડા પૈસા - તરત જ ફાઈનલ - સંતોષકારક વળતર
**Free Home visit any where any Time**
મહાવીર સારીઝ, મોદી ચાલ, દુકાન નં. ૨,
સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ),
Opp. "SEASONS" શોરૂમ,
M. : 9137146272
9619554801
રવિવાર બંધ

MAHAVIR SANTACRUZ

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ


## નલીયા નગર મધ્યે બિરાજમાન નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબા મા ની નલીયા સ્થાનકે સમુહ પહેડી

નલીયા નગર મધ્યે બિરાજમાન નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબા મા ની સમુહ પહેડી અષાઢી બીજના નલીયા નગર મધ્યે નમતા ભાવિકોની હાજરીમાં ધામધુમથી ઉજવવામાં આવેલ. તા. ૧૯.૦૬.૨૦૨૩ના બપોરના ત્રણ વાગે માતાજીનો નિમાલ કરવામાં આવેલ તથા રાત્રે માતાજીની ભક્તિભાવના તથા રાસગરબાનું આયોજન કરવામાં આવેલ. રાત્રે માતાજીની ભક્તિભાવના કિશોર સંગાર એન્ડ પાર્ટી દ્વારા ભણાવવામાં આવેલ. રાત્રે ભક્તિભાવનામાં ચા-નાસ્તાના દાતા તરીકે માતુશ્રી હિરાવંતીબાઈ રામજી નાગડા (પટેલ) પરિવાર (નલીયા-વડોદરા) ને લાભ મળેલ.

તા. ૨૦.૬.૨૦૨૩ને અષાઢી બીજના દિવસે સવારના ૯.૦૦ વાગે બધા ભાવિકો વાજતે-ગાજતે નલીયા પાંજરાપોળમાં ગયેલ. ત્યાં ગૌવંશને ગોળ તથા ભુસો ખવડાવવામાં આવેલ. ૧૦.૦૦ વાગે માતાજીની આરતી ઉતારવામાં આવેલ તથા ધજા ચડાવવામાં આવેલ.

આરતીના ચડાવાનો લાભ શ્રી જેન્તીલાલ ગોવિંદજી આણંદજી નાગડા પરિવાર (તેરા-નાંદેડ) રૂા. ૬૦,૦૦૦/-માં લીધેલ તથા ધજા ચડાવવાનો લાભ માતુશ્રી મધુરીબાઈ કુલીનકાંત ગોવિંદજી આણંદજી નાગડા પરિવાર (તેરા-નાંદેડ) રૂા. ૫૮,૮૫૮/-માં લીધેલ.

માતાજીના સ્થાનકે ચાંદીની થાળી તથા આરતી ભેટ મળેલ. આ ભેટ શ્રી જેન્તીલાલ ગોવિંદજી આણંદજી નાગડા (તેરા-નાંદેડ) તથા શ્રી દિનેશ ચીમનલાલ આણંદજી નાગડા (તેરા-નાંદેડ) પરિવાર તરફથી મળેલ.

**દેશ-દેશાવરથી તથા કચ્છથી સારી સંખ્યામાં ભાવિકો હાજર રહેલ**

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### કચ્છ કલેક્ટર આશાપુરાના દર્શને

